ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૧૭/૧૯–૨૦/ 2246 તારીખ : 1 JUL 2020

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૧૭/૧૯–૨૦

પ્રતિ,
**આલકુભાઈ જીલુભાઈ બોરીચા,**
મું. લોયા,
તા. સાયલા,
જી.સુરેન્દ્રનગર.
**મો.નં. ૯૭૨૫૫ ૫૭૧૧૧.**

**વિષય : ખેતીવાડી વિજ કનેકશન નો લોડ ઘટાડો કરી આપવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૩/૧૨/૨૦૧૯ જે અત્રેની કચેરીને મળ્યા તા.૩૦/૧૨/૨૦૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧૭/૧૯–૨૦/૧૧૩ તા.૨/૧/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧૭/૧૯–૨૦/૮૯૫ તા.૨૫/૦૨/૨૦૨૦.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૧૭/૧૯–૨૦/૧૯૧૮ તા.૦૯/૦૬/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૦/૦૬/૨૦૨૦ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

O/C

કન્વીનર,
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઈજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **લીંબડી.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **સાયલા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

O/C

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૧૧૭/૧૯–૨૦**

વાદી :– આલકુભાઈ જીલુભાઈ બોરીચા,

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

**રજુઆતની તારીખ:– તા.૨૦/૦૬/૨૦૨૦**

હાજર રહયા :– શ્રી આલકુભાઈ જીલુભાઈ બોરીચા – (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી એમ.આર.ધામેચા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી આલકુભાઈ જીલુભાઈ બોરીચા, મું.લોયા, તા.સાયલા , જી.સુરેન્દ્રનગર ની ખેતીવાડી વિજ કનેકશન નો લોડ ઘટાડો કરી આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૧૭/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૧૭/૧૯–૨૦/૧૧૩ તા.૨/૧/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૦/૦૬/૨૦૨૦ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી આલકુભાઈ જીલુભાઈ બોરીચા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.આર.ધામેચા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, લીંબડી ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ હું આલકુભાઈ જીલુભાઈ બોરીચા ના નામે ગ્રાહક નં– ૭૩૫૭૩/૦૦૧૪૪/૦ થી તેમજ બહાદુરભાઈ આપાભાઈ ગ્રાહક નં– ૭૩૫૭૩/૦૦૧૩૨/૭ થી મું.લોયા તા.સાયલા ખાતે ખેતીવાડી વિજ જોડાણો ધરાવીએ છીએ.

૧.૨ અમારા ઉપરોકત વિજ જોડાણો માં વધારે પાવરની જરૂરીયાત ન હોય, સાયલા પેટા વિભાગીય કચેરી ખાતે તા.૬/૬/૨૦૧૪ ના રોજ અમારા ઉપરોકત બે ખેતીવાડી વિજ જોડાણો અને અન્ય એક ખેતીવાડી વિજ જોડાણ એમ કુલ ત્રણ ખેતીવાડી વિજ જોડાણો માં લોડ ઘટાડો કરી આપવા માટે અરજી આપવામાં આવેલ હતી.

P.G.V.C.L. Bhavnagar

૧.૩ સાયલા પેટા વિભાગીય કચેરી ખાતે વારંવાર રજૂઆત કરવા છતાં, લોડ ઘટાડો કરવાની કામગીરી કરવામાં આવેલ ન હતી.

૧.૪ ઉપરોક્ત ત્રણ ખેતીવાડી વિજ જોડાણો માંથી એક વિજ જોડાણ માં ૨૦૧૭ માં લોડ ઘટાડો કરવામાં આવેલ છે. પરંતુ, ઉપરોક્ત બે વિજ જોડાણોમાં આજદિન સુધી લોડ ઘટાડાની કામગીરી કરવામાં આવેલ નથી. જેની માહિતી નીચે મુજબ છે.

૧.૫ ગ્રાહક નં–૭૩૫૭૩/૦૦૧૪૪/૦ આલકુભાઈ જીલુભાઈ બોરીચા A-1 ખેતીવાડી, લોડ ઘટાડો ૧૦–૫ = ૫ એસ.આર.નંબર– ૫૯૮૮૦૪૭ રૂ.૨૦૦/– પો.નં– YB ૪૪૬૩૧૧ તા.૬/૬/૨૦૧૪ થી અરજી કરવામાં આવેલ છે. ત્યારબાદ, મારા દ્વારા વારંવાર રજૂઆત કરવાથી તા.૩/૧/૨૦૧૫ ના રોજ રૂ.૨૦/– પો.નં–૧૮૯૯૯૫ તા. તા.૩/૧/૨૦૧૫ થી ટેસ્ટ રીપોર્ટ ચાર્જ ના રૂપિયા સ્વીકારવામાં આવેલ. ત્યારબાદ, પણ આજદિન સુધી લોડ ઘટાડાની કામગીરી થયેલ નથી. સદર વિજ જોડાણ માં સાયલા પેટા વિભાગીય કચેરી દ્વારા બાકી રકમની ઉઘરાણી કરતાં મારા દ્વારા તા.૨૮/૩/૨૦૧૬ ના રોજ રૂ.૬૫૦૦/– વિજ બિલ ભરપાઈ કરવામાં આવેલ છે.

૧.૬ ગ્રાહક નં– ૭૩૫૭૩/૦૦૧૩૨/૭ બહાદુરભાઈ આપાભાઈ, A-1 ખેતીવાડી, લોડ ઘટાડો ૧૦–૫ = ૫., એસ.આર.નંબર–૫૯૮૮૦૪૭ રૂ.૨૦૦/– પો.નં– YB ૪૪૬૩૦૯ તા.૬/૬/૨૦૧૪ થી અરજી કરવામાં આવેલ છે. ત્યારબાદ, મારા દ્વારા વારંવાર રજૂઆત કરવાથી તા.૩/૧/૨૦૧૫ ના રોજ રૂ.૨૦/– પો.નં–૧૮૯૯૯૪ તા.૩/૧/૨૦૧૫ થી ટેસ્ટ રીપોર્ટ ચાર્જ ના રૂપિયા સ્વીકારવામાં આવેલ. ત્યારબાદ, પણ આજ દિન સુધી લોડ ઘટાડાની કામગીરી થયેલ નથી. સદર વિજ જોડાણ માં સાયલા પેટા વિભાગીય કચેરી દ્વારા બાકી રકમની ઉઘરાણી કરતાં મારા દ્વારા તા.૨૨/૧૧/૨૦૧૭ ના રોજ રૂ.૧૩૫૫૫/– વિજ બિલ ભરપાઈ કરવામાં આવેલ છે.

૧.૭ ઉપરોક્ત બાબતે તા. ૧૮/૩/૨૦૧૯ ના રોજ સાયલા પેટા વિભાગીય કચેરી ખાતે લેખિતમાં અરજી આપવામાં આવેલ છે. તેમ છતાં, કોઈ કામગીરી થયેલ નથી.

૧.૮ અમારા દ્વારા હાલમાં સાયલા પેટા વિભાગીય કચેરી ની મુલાકાત લઈ, આ બાબતે પૂછતાં, સાયલા પેટા વિભાગીય કચેરી ના જણાવ્યા મુજબ, આ બંને ગ્રાહક કાયમી ધોરણે રદ કરવામાં આવેલ છે. અમોને કોઈ પણ નોટીસ આપવામાં આવેલ નથી. અમારી અરજી મુજબની કામગીરી પૂર્ણ કરવાને બદલે, અમારા વિજ જોડાણ શા માટે રદ કરવામાં આવેલ છે.

૧.૯ અમારા ઉપરોક્ત બંને વિજ જોડાણ ચાલુ કરી લોડ ઘટાડો કરી અપાવવા આપ સાહેબને નમ્ર વિનંતી છે.

૧.૧૦ આ વિજ જોડાણોમાં લોડ ઘટાડાની રકમ બાદ કરતાં, જે વિજ બિલ ભરપાઈ કરવાનું રહેશે તે અમો ભરપાઈ કરવા સહમત છીએ.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજૂઆતઃ– તેમની રજૂઆત છે કે,</u>**

૨.૧ સદર વાદીશ્રીની રજૂઆત અન્વયે, નાયબ ઈજનેર, પેટા વિભાગીય કચેરી, સાયલાના જણાવ્યા મુજબ, સદર વાદીશ્રી આલકુભાઈ જીલુભાઈ બોરીચા રે.લોયા, ગ્રાહક નં–૭૩૫૭૩/૦૦૧૪૪/૦ તથા શ્રી બહાદુરભાઈ આપાભાઈ, રે.લોયા, ગ્રાહક નં– ૭૩૫૭૩/૦૦૧૩૨/૭ ખેતીવાડી વિજ જોડાણ ધરાવતા હતા.

૨.૨ હાલમાં, અત્રેની કચેરી દ્વારા તપાસ કરતાં ગ્રાહક નં–૭૩૫૭૩/૦૦૧૪૪/૦ નું કનેકશન તા.૧૨/૪/૨૦૧૯ માસમાં રૂા.૨૪૨૮૮/૭૮ ની રકમ બાકી પડતા કાયમી ધોરણે રદ કરી નાખેલ છે.

૨.૨ હાલમાં, અત્રેની કચેરી દ્વારા તપાસ કરતા ગ્રાહક નં–૭૩૫૭૩/૦૦૧૩૨/૭ નું કનેકશન તા.૧૨/૪/૨૦૧૯ માસમાં રૂા.૧૨૦૭૧/૮૯ ની રકમ બાકી પડતા કાયમી ધોરણે રદ કરી નાખેલ છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર આલકુભાઈ જીલુભાઈ બોરીચા, ગામ–લોયા, તા.સાયલા માં તેઓના નામનું ગ્રાહક નં– ૭૩૫૭૩/૦૦૧૪૪/૦ નું ૧૦ એચ.પી. નું ખેતીવાડી વિજ જોડાણ ધરાવતા હતા. તેમજ બીજુ ખેતી વિજ જોડાણ બહાદુરભાઈ આપાભાઈ ના નામનું ગ્રાહક નં– ૭૩૫૭૩/૦૦૧૩૨/૭ નું ૧૦ એચ.પી. નું ધરાવતા હતા.

૩.૨ બન્ને ખેતીવાડી વિજ જોડાણ માં વાદીએ તા.૬/૬/૨૦૧૪ ના રોજ તેના કરારીત વિજભાર ૧૦ એચ.પી. માં ૫ એચ.પી.નો ઘટાડો કરી ૫ એચ.પી. રાખવા માટેની જરૂરી અરજી સાયલા પેટા વિભાગીય કચેરીમાં નોંધણી કરાવેલ. અને તે માટેનો જરૂરી ટેસ્ટ રીપોર્ટ તા.૩/૧/૨૦૧૫ ના રોજ રૂા.૨૦/– ભરી અને વાદીની સાયલા કચેરીમાં આપેલ.

૩.૩ પ્રતિવાદી તરફથી વાદી ના વિજ જોડાણ માટે લોડ ઘટાડા માટેની કોઈપણ કાર્યવાહી કરવામાં આવેલ નહી. વાદીના આલકુભાઈ જીલુભાઈ નામના વિજ જોડાણ ને વિજ બિલ ની રકમ રૂા.૨૪૨૮૮/૭૮ બાકી હોવાથી, તા. ૧૨/૪/૨૦૧૯ ના રોજ પ્રતિવાદી એ કાયમી ધોરણે રદ કરેલ.

તે જ રીતે વાદી નું બીજુ વિજ જોડાણ જે બહાદુરભાઈ આપાભાઈ ના નામનું હતુ તેમાં રૂા. ૧૨૦૭૧/૮૯ રકમ બાકી હોવાથી, તા.૧૨/૪/૨૦૧૯ ના રોજ કાયમી ધોરણે રદ કરેલ.

૩.૪ વાદી ના બન્ને વિજ જોડાણો રદ થયેલ ત્યાં સુધી તેનો કરારીત વિજભાર નું બીજું વિજ જોડાણ૧૦ એચ.પી. હતો. જે પ્રતિવાદી એ લોડ ઘટાડો કરી આપેલ નહી.

૩.૫ સુનાવણી દરમ્યાન પ્રતિવાદીએ બન્ને વિજ જોડાણ ના ટેસ્ટ રીપોર્ટ ની તા.૩/૧/૨૦૧૫ ની અસરથી ૫ એચ.પી. નો લોડ ઘટાડો કરી અને ૫ એચ.પી. નું બિલ ની ગણતરી ફોરમને આપેલ છે. આ ગણતરી મુજબ વાદી ના આલકુભાઈ જીલુભાઈ ગ્રાહક નં– ૭૩૫૭૩/૦૦૧૪૪/૦ માં ૧૦ એચ.પી.ના વિજ જોડાણ માટે બાકી નીકળતી રકમ રૂા.૩૪૯૯૧/૮૪ હતી જેને ૫ એચ.પી. મુજબ ગણતરી કરતાં, જાન્યુ–૧૫ થી એપ્રિલ–૧૫ સુધીની રકમ રૂા. ૧૪૪૦૮/– થાય છે. આથી, વાદી એ તેના તફાવત રૂપે રૂા. ૨૦૫૮૩/૬૮ ભરવાના રહે છે.

તે જ રીતે વાદીના બીજા વિજ જોડાણ ગ્રાહક નં– ૭૩૫૭૩/૦૦૧૩૨/૭ માં ૧૦ એચ.પી. માં વિજ જોડાણ ની બાકી નીકળતી રકમ જાન્યુ–૧૫ થી એપ્રિલ–૧૫ સુધીની રૂા.૩૪૯૯૧/૮૪ થતી હતી જે ૫ એચ.પી. ના વિજ જોડાણ માટે ગણતરી કરતાં, રૂા.૧૪૪૦૮/૧૬ એટલે કે, તેના તફાવતના રૂા.૨૯૫૮૩/૬૮ વાદી એ ભરવાના રહે છે.

૩.૬ તારણ નંબર– ૩.૫ મુજબ વાદીના બન્ને વિજ જોડાણ માં બાકી નીકળતી રકમ રૂા.૨૦૫૮૩/૬૮ વાદી એ ભરવાપાત્ર છે.



Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

## —:: હુકમ ::—

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૬ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

ગેરહાજર
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એસ. [illegible]ાજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૨૦.૦૬.૨૦૨૦.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar